GJBK130004872026

રજુ તારીખ : ૧૦.૦૩.૨૦૨૫
દાખલ તારીખ : ૧૦.૦૩.૨૦૨૫
ફેંસલ તારીખ : ૨૫.૦૩.૨૦૨૬
**અવધિ:**..... વર્ષ.– માસ..... દિવસ ......

**આંક :–**

**દાંતીવાડાના મહે.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મું. દાંતીવાડા.**
**ફોજદારી કેસ નં. ૪૩૬/૨૦૨૫**

શ્રી સરકાર ... **ફરીયાદી**

**:: વિ રૂ ઘ્ધ ::**

પ્રવિણજી રણછોડજી ઠાકોર,
રહે.રતનપુર, તા.દાંતીવાડા, જી.બનાસકાંઠાં. ... **આરોપી**

**ગુન્હો :–** ગુજરાત નશાબંઘી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫(એફ) મુજબ

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.મોર.**
**બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી વી.આઇ.લોડના**

**–: ઠ રા વ :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે પોતાના કબજા ભોગવટાના ખેતરે બનાવેલ છાપરે ગે.કા. અને વગર પાસ પરમીટનો દેશી દારુ ગાળવાનો વોસ લીટર ૩૦૦ કિ.રૂ.૭૫૦૦/– નો રાખી પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન હાજર ના મળી આવી, ગુનો કરેલ છે.

(૨) આ કામના ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંઘે દાંતીવાડા પોલીસ મથક ફરીયાદ આપતાં, પોલીસે દાંતીવાડા પો. સ્ટે. ગુ. રજી. નં .૮૫૭ / ૨૦૨૫થી ગુન્હો રજીસ્ટર કરી તપાસના અંતે હાલના આરોપી

વિરુધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ−૬૫( એફ ) મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૩) આરોપીને નામદાર કોર્ટ ધ્વારા સમંસ કરવામાં આવેલ જે આરોપીને ધારાસર બજતાં, તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલા. ત્યારબાદ આરોપી સામે આંક− ૦૪ થી તહોમતનામું ફરમાવી તેનું આંક− ૦૫ થી નિવેદન નોંધેલ છે. જેમાં તેઓએ ગુના સબબનો ઈન્કાર કરેલો. જેથી સદર કામ ફરિયાદપક્ષના પુરાવાના તબકકે રાખવામાં આવેલું. ત્યારબાદ પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

***મૌખિક પુરાવો***

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ ,પારજીજી નાગરજી ઢેપાની જુબાની | ૦૭ |
| ૨. | પંચ,પ્રકાશજી નાનજીજી ઢેપાની જુબાની | ૦૯ |
| ૩. | ફરીયાદી− કાન્તીભાઇ ભીખાભાઇની જુબાની | ૧૧ |
| ૧૩. | ત.ક.અમલદાર−ભરતકુમાર લક્ષ્મણભાઇ ની જુબાની | ૧૩ |

***દસ્તાવેજી પુરાવો***

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામુ . | ૦૮ |
| ૨. | ફરીયાદ. | ૧૨ |

(૫) પુરાવાના તબકકે આ કામે ફરીયાદપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે. જેની વિગતે ચર્ચા મુદ્દાના નિર્ણયોના કારણોમાં કરવામાં આવેલ છે. તે બાદ ફરીયાદપક્ષની મૌખિક રજુઆતથી પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૬) ફરીયાદપક્ષે ઉપરોકત રજુ થયેલ પુરાવો જોતાં આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ વધારાનું નિવેદન રેકર્ડ કરવા પુરતો પુરાવો રજુ થયેલ ના હોવાથી આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી.

(૭) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

***:: <u>મુદ્દા</u> ::***

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના તહોમતદારે પોતાના કબજા ભોગવટાના ખેતરે બનાવેલ છાપરે ગે.કા. અને વગર પાસ પરમીટનો દેશી દારુ ગાળવાનો વોસ લીટર ૩૦૦ કિ.રૂ.૭૫૦૦/– નો રાખી પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન હાજર ના મળી આવી, ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

***:: <u>નિર્ણયો</u> ::***

૧. નકારમાં
૨. આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

**<u>:: કા ર ણો ::</u>**

**મુદ્દા નં. ૧**

**(૧૦)** આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા આંક–૦૭ અને આંક–૦૯ ના પંચ સાહેદો કે જેઓ પ્રોહી. પંચનામાનાં પંચ સાહેદો છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તેઓની એક લખેલા કાગળમાં સહી કરાવેલ અને તેઓની હાજરીમાં પંચનામુ કરેલ નથી. તેઓ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. આમ, આ પંચ સાહેદો **આંક–૦૮** પ્રોહી. પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા નથી. તેથી ફરિયાદપક્ષે તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી આરોપીપક્ષે તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આમ ફરિયાદપક્ષનાં કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો લાવી શકેલ નથી. આમ, પંચ સાહેદોની જુબાનીથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારક પુરાવો મળી આવતો નથી.

**૧૧)** ફરીયાદપક્ષે આંક–૧૧ થી સાહેદ– કાન્તીભાઇ ભીખાભાઇ ને તપાસવામાં આવેલા.ફરીયાદ હકીકત મુજબનો પુરાવો આપેલ છે.

સદરહું કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ ફરીયાદીએ બચાવ પક્ષ તરફથી લેવામાં આવેલ ઉલટતપાસમાં બનાવવાળા સ્થળે કોઇ આરોપી હાજર મળી આવેલ નથી કે, તેમની ઓળખાણ અંગેનો પુરાવો પણ મળી આવેલો નથી તેવી હકીકત જણાવેલ છે. આથી ફરીયાદ પક્ષ તરફે યોગ્ય પુરાવો સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૧૨)** સદરહું કામે આંક. ૧૩ થી ભરતકુમાર લક્ષ્મણભાઇ ને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં સદર કેસમાં કરેલ તપાસને અનુરુપ જુબાની આપેલ છે.

પરંતુ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ રાખેલ છેકે, બનાવવાળા સ્થળે કોઇ આરોપી મળી આવેલ

નથી. હાલના ગુનાના આરોપીનો બનાવવાળા સ્થળેથી ઓળખ અંગેનો કોઇ પુરાવો મળી આવેલ નથી.

**(૧૩)** સદરહું કામે રજુ થયેલ તમામ પુરાવાઓ જોતાં, આ કામે પંચ સાહેદો રૂબરૂ આરોપીનાં કબજામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દેશી ગાળવાનો વોસ મળી આવેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ પંચ સાહેદોની હાજરીમાં પ્રોહી.નું પંચનામું થયેલાની હકીકતનો પંચ સાહેદોએ ઈન્કાર કરેલ છે. આમ, જયારે પંચ સાહેદો ફરિયાદપક્ષનાં કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી, ત્યારે આ કામે પોલીસ સાહેદનો પુરાવો લેવાથી ન્યાયનો હેતુ સરે તેમ જણાતો નથી.

આ કામે ૨૦૦૬(૩) – ક્રાઈમ્સ – પાના નં.૮૫ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, ''જયારે જજને ચોકકસપણેએમ લાગે કે કેસનાં સંજોગો ધ્યાને લેતાં કેસનો અંત સજામાં પરિણમશે નહીં, ત્યારે કોર્ટનો અમૂલ્ય સમય માત્ર પ્રોસીઝર પુરી કરવા માટે વેડફશો નહીં'. તે જ રીતે સદર કામે આરોપી સામે આક્ષેપિત ચાર્જશીટ ધ્યાને લેતાં, તેમાં ફરિયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે. આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદોના પુરાવાથી પંચનામાને સમર્થન મળેલ નથી. જેથી પંચનામુ પુરવાર થયેલ નથી.

જયારે ફરિયાદપક્ષનાં કેસમાં આરોપીનાં કબજા ભોગવટામાંથી ગેરકાયદેસર અને પાસ પરમીટ વગરનો દેશી દારૂ ગાળવાનો વોસ મળી આવેલાનો કેસ છે અને તે ગુનો બન્યાનો સમય, સ્થળ ધ્યાને લેતાં, ગુનાવાળી જગ્યાએ સામાન્ય રીતે ત્રાહિત માણસોની હાજરી હોવાની શકયતા નકારી શકાય તેમ નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ ફરિયાદપક્ષનાં રેકર્ડ ઉપરથી

ફલીત થતુ નથી.

વધુમાં આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર દેશી દારૂ ગાળવાનો વોસ રાખવાનો કેસ હોવા છતાં પંચ સાહેદોનો પુરાવો જોતાં, તપાસ કરનાર અમલદાર આ કામનાં આરોપીનાં કબજામાંથી મળી આવેલ દેશી દારૂ ગાળવાનો વોસ જ હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી. ગુનાવાળી જગ્યામાંથી મુદ્દામાલ મળ્યાનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ ગુનાવાળી જગ્યા આ કામનાં આરોપીની માલીકી કબજા ભોગવટાની આવેલ હોવા બાબતે ફરિયાદપક્ષે કોઈ આધાર પુરાવો રજુ થયેલ નથી. જેથી મુદ્દામાલ ગેરકાયદેસર મળી આવવા બાબતે ફરિયાદપક્ષે પુરાવો રજુ થયેલ નથી.

ઉપરોકત તમામ સંજોગોમાં ફરિયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરિયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય આવે છે. આ તબકકે નામદાર વડી અદાલત ધ્વારા સંખ્યાબંધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેવા ઘટે કે, જયારે રેકર્ડ ઉપરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાનાં સંજોગોમાં અન્ય સાહેદોનાં તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સદર કામે ઉપરોકત હકીકતે અન્ય સાહેદોને ફરિયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ નથી. આમ, જયારે ફરિયાદપક્ષનાં કેસ મુજબ આરોપીનાં કબજા ભોગવટામાંથી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર નો દેશી દારૂ ગાળવાનો વોસ મળી આવ્યાનો કેસ હોય તેમજ પ્રોહી.નું પંચનામું પોતાની હાજરીમાં થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરતા હોય તેમજ પોલીસ ધ્વારા ખરેખર તટસ્થ અને ચોકકસ તપાસ થયેલ હોવાની હકીકત શંકાસ્પદ હોય, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપી ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનાં સિધ્ધાંત મુજબ મળવાપાત્ર

શંકાનો લાભ મેળવવા હકકદાર થતા હોવાનું હું ઠરાવું છું. તેથી તેનો લાભ આરોપીને મળવાપાત્ર હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે અને મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// <u>હુકમ</u> //–**

(૧) આ કામનાં આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫( એફ) મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીનાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૪૮૦ મુજબના જામીન તથા જાત મુચરકા અપીલ સમય સુધી વધારવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પ્રોહી.નો અપીલ સમય વિત્યે નાશ કરવો.

(૪) ક્રિમીનલ મેન્યુઅલનાં પેરા ૪૦ તથા મુંબઈ પોલીસ મેન્યુઅલ ૧૯૫૯ નિયમ ૨૪૬ મુજબ હુકમનો ટુંકસાર સંબંધીત પોલીસ સ્ટેશનમાં મોકલી આપવો.

આ ઠરાવ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૨૫.૦૩.૨૦૨૬
મુકામ : દાંતીવાડા.

( એન.વી.ગુપ્તા)
જયુ.મેજી.ફ.ક.,દાંતીવાડા.
કોડ નં.જી.જે. ૦૧૬૫૦.